ક્રમાંક : એલઆઈબી/ જા.પ્ર./-૪૯-૩/૧૩,
પોલીસ અધિક્ષકની કચેરી,
સુરેન્દ્રનગર, તા. ૯/૭/૧૩.

પ્રતિ,
પ્રમુખશ્રી,
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સ. એસો.
શાહીબાગ, અમદાવાદ

વિષય : જાહેરનામાની નકલ મોકલવા બાબતે. પ્રસિધ્ધ કરવા બાબતે.

આધાર : આપશ્રીના પત્ર ક્રમાંકઃ એજીટીટીએ/૨૦૧૩-૧૪/૨૦ તા.૨૪/૬/૧૩ અન્વયે.

સવિનય ઉપરોક્ત વિષય અને આધાર અન્વયે જણાવવાનુ કે, સુરેન્દ્રનગર શહેરમાં ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશબંધી અંગેના જાહેરનામાની નકલ આ સાથે સામેલ રાખી મોકલેલ છે.

બિડાણ : જાહેરનામાની નકલ

[signature]
પોલીસ અધિક્ષક
સુરેન્દ્રનગર વતી

ક્રમાંક:- મજસ / ૩ / ૧ / ટ્રાફીક-સમસ્યા / ક /૨૦૦૪.

જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી,
સુરેન્દ્રનગર, તા. ૨૪/૦૬/૨૦૦૪.

વિષય:- સુરેન્દ્રનગર ટ્રાફીક સમસ્યાના સંદર્ભમાં બહાર પાડવામાં આવેલ જાહેરનામામાં સુધારો કરવા બાબત.

સંદર્ભ :- અત્રેના તા. ૧૮/૦૫/૨૦૦૪ ના પત્ર ક્રમાંક:- મજસ / ૩ ૧ / ટ્રાફીક / સમસ્યા / ક-૨૫ / ૨૦૦૪ નું જાહેરનામું.

**-:: જા હે ર ના મુ ::-**

સુરેન્દ્રનગર શહેરની ટ્રાફીક સમસ્યા દિન પ્રતીદિન વધતી હોવાના કારણે ટ્રાફીક સમસ્યા હળવી કરવા માટે અત્રેના સંદર્ભમાં દર્શાવેલ તા.૧૮/૦૫/૨૦૦૪ ના જાહેરનામાથી સવારના ૦૮:૩૦ કલાકથી બપોરનાં ૦૧:૦૦ કલાક સુધી અને બપોરનાં ૧૬:૦૦ કલાકથી ૨૦:૦૦ કલાક સુધી છકડો રીક્ષા – યુટીલીટી, મેટાડોર ઉતારૂ તેમજ માલવાહક વાહનોના પ્રવેશ ઉપર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧-ક-૩૩ (ગ) હેઠળ પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

અત્રેથી બહાર પાડવામાં આવેલ જાહેરનામા સામે શહેરના અલગ-અલગ પ્રતિનિધિ મંડળો તરફથી હળવદ, ધ્રાંગધ્રા, પાટડી જતા વાહનોને મુશ્કેલી પડતી હોઈને ઉક્ત જાહેરનામામાં સુધારો કરવા રજુઆત કરવામાં આવેલ, જે રજુઆતના સંદર્ભમાં પુખ્ત વિચારણાના અંતે નીચેની વિગતે હળવદ, પાટડી, ધ્રાંગધ્રા તરફ જતા ત્રણ ટન કેપેસીટી ઉપરના વાહનો માટે છુટછાટ આપવા પાત્રજણાય છે. જેથી ત્રણ ટન કેપેસીટી ઉપરના વાહનોને માટે નીચે દર્શાવેલ વિસ્તારોઉક્ત જાહેરનામાથી મુકેલ પ્રતિબંધ લાગુ પડશે નહી.

૧. જોરાવરનગર/કોઝ-વે થઈને હળવદ, પાટડી, ધ્રાંગધ્રા તરફ જવાના વાહનો સુરેન્દ્રનગર કોઝ-વે થઈને આંબેડકર નગર ચોકમાં થઈ સીધા અલંકાર ટોકીઝ રોડ ઉપરથી નવા રેલ્વેક્રોસીંગથી પસાર થઈ શકશે.

૨. સુરેન્દ્રનગર કોઝ-વે થઈને મહેતા માર્કેટ સુધીનો વિસ્તાર.-

સુરેન્દ્રનગર મહેતા માર્કેટમાં પ્રવેશતા વાહનો મુખ્ય રસ્તા ઉપર પ્રવેશ મેળવી શકશે નહી, આ સિવાય અત્રેનાં તા.૧૮/૦૫/૨૦૦૪ના જાહેરનામાથી ફરમાવેલ પ્રતિબંધ ચાલુ રહેશે.

(એસ.એલ.અમરાણી)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

— નકલ જાણ અર્થે રવાના સારૂ તથા જાહેર પ્રસિધ્ધિ માટે :—

૧. પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર જીલ્લો.

૨. જિલ્લા ન્યાયાધિશશ્રી, જિલ્લા અદાલત, સુરેન્દ્રનગર.

૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર.

૪. અધિક જિલ્લા ન્યાયધિશશ્રી, સેશન્સ કોર્ટ, ધ્રાંગધ્રા.

૫. ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટશ્રી, સુરેન્દ્રનગર.

૬. જયુ. મેજીસ્ટ્રેટશ્રી, ફર્સ્ટ, સેકન્ડ, કોર્ટ, સુરેન્દ્રનગર.

૭. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી વઢવાણ, લીંબડી, ધ્રાંગધ્રા.

૮. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર / લીંબડી / ધ્રાંગધ્રા / એસ.સી.એસ.ટી.સેલ, સુરેન્દ્રનગર / કાર્યમથક, સુરેન્દ્રનગર

૯. તાલુકા વિકાસ અધિકારીશ્રી, વઢવાણ / લીંબડી / ચુડા / લખતર / પાટડી / ધ્રાંગધ્રા / હળવદ મુળી / સાયલા / ચોટીલા

૧૦. તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી, વઢવાણ / લીંબડી / ચુડા / લખતર / પાટડી / ધ્રાંગધ્રા / હળવદ / મુળી / સાયલા / ચોટીલા

૧૧. જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટશ્રી, (તમામ).

૧૨. નાયબ માહિતી નિયામકશ્રી, સુરેન્દ્રનગર.. સદરહુ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી સારૂ વિના મુલ્યે પ્રેસ નોટ બહાર પાડવા તેમજ તે અંગે અત્રેને આધારસહ જાણ કરવા સારૂ.

૧૩. પોલીસ ઈન્સ્પેકટરશ્રી સુરેન્દ્રનગરસીટી / ધ્રાંગધ્રાસીટી.....જાહેરનામાની સુચના ધ્યાને લઈ જરૂરી પ્રસિધ્ધિ આપી તે બદલનુ રોજકામ મોકલાવી આપવા સારૂ.

૧૪. સર્કલ પોલીસ ઈન્સ્પેકટરશ્રી, સુરેન્દ્રનગર, લીંબડી, ચોટીલા, ધ્રાંગધ્રા... જાહેરનામાની સુચના ધ્યાને લઈ જરૂરી પ્રસિધ્ધિ આપી તે બદલનુ રોજકામ મોકલાવી આપવા સારૂ.

OIGS

૧૫. પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, જોરાવરનગર / વઢવાણ / લીંબડી / ચુડા / પાણશીણા / લખતર / પાટડી / બજાણા / ઝીંઝુવાડા / ધ્રાંગધ્રા / હળવદ / મુળી / સાયલા / ચોટીલા / થાનગઢ / .... જાહેરનામાની સુચના ધ્યાને લઈ જરૂરી પ્રસિધ્ધિ આપી તે બદલનુ રોજકામ મોકલાવી આપવા સારૂ.

૧૬. પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, ટ્રાફીક શાખા, સુરેન્દ્રનગર..

૧૭. પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, વેસ્ટર્ન રેલ્વે, સુરેન્દ્રનગર. .....જાહેરનામાની સુચના ધ્યાને લઈ જરૂરી પ્રસિધ્ધિ આપી તે બદલનુ રોજકામ મોકલાવી આપવા સારૂ.

ફોજદારી શાખા
કલેકટર કચેરી
સુરેન્દ્રનગર

૧૮. ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, સુરેન્દ્રનગર —દુધરેજ / વઢવાણ / લીંબડી / ધ્રાંગધ્રા / હળવદ / થાનગઢ...... જાહેરનામાની સુચના ધ્યાને લઈ જરૂરી પ્રસિધ્ધિ આપી તે બદલનુ રોજકામ મોકલાવી આપવા સારૂ.

૧૯. વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી, સરકારી પ્રેસ, રાજકોટ. ... પ્રસિધ્ધી આપવા તેમજ ગેઝેટ ની ૧૦ નકલો અત્રેને મોકલી આપવા સારૂ.

ક્ર:- મજસ / ૩ / ૧ / ટ્રાફીક-સમસ્યા / ૭/૨૦૦૪

જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી,
સુરેન્દ્રનગર,તા.૨૦/૦૭/૨૦૦૪.

વિષય:- સુરેન્દ્રનગરે ટ્રાફીક સમસ્યાના સંદર્ભમાં બહાર પાડવામાં **આવેલ જાહેરનામામાં સુધારો કરવા બાબત.:**

સંદર્ભ :- અત્રેના તા.૧૮/૦૫/૨૦૦૪ ના ગ્રાન્ટ ક્રમાંક:- મજસ / ૩ ૫ / **ટ્રાફીક / સમસ્યા / ૬૫૨૫ / ૨૦૦૪ નું જાહેરનામું.**

## -: જા હે ર ના મું :-

સુરેન્દ્રનગર શહેરની ટ્રાફીક સમસ્યા દિન પ્રતીદિન વધતી હોવાના કારણે ટ્રાફીક સમસ્યા હળવી કરવા માટે અત્રેના સંદર્ભમાં દર્શાવેલ તા:૧૬/૦૫/૨૦૦૪ ના જાહેરનામાથી સવારના ૦૮:૩૦ કલાકથી બપોરના ૦૧:૦૦ કલાક સુધી અને બપોરના ૧૬:૦૦ કલાકથી ૨૦:૦૦ કલાક સુધી છકડો રીક્ષા – ખુટીવીટી, મેટાડોર ઉતારૂ તેમજ માલવાહક વાહનોના પ્રવેશ ઉપર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧-૬-૩૩ (ગ) હેઠળ પ્રીતબંધ ફરમાવવામા આવેલ છે.

અત્રેથી બહાર પાડવામાં આવેલ જાહેરનામા સામે શહેરનાં અલગ-અલગ પ્રતિનિધિ મંડળો તરફથી રજુઆત કરીને જણાવેલ કે એસ.ટી.રોડ થી સુરેન્દ્રનગર કોઝવે ના વિસ્તારમાં મહત્તમ ટ્રાન્સપોર્ટ ઓફીસો અને વેપાર ધંધાનું મુખ્યમથક મહેતા માર્કેટ આવેલ છે, જેથી એસ.ટી.સ્ટેન્ડવાળો રસ્તો બંધ કરવાથી વેપાર-ધંધાને મોટો ફટકો પડે તેમ છે, જેથી એસ.ટી.સ્ટેન્ડ તરફથી આવતા ભારે માલવાહક વાહનોને પ્રવેશવા ઉપરનો પ્રતિબંધ ઉઠાવી જાહેરનામામાં સુધારો કરવા રજુઆત કરેલ છે. જે રજુઆતનાં સંદર્ભમાં પુખ્ત વિચારણાના અંતે નીચેની વિગતે ભારે માલવાહક વાહનો જેવા કે ટ્રક, ૪૦૭ (છકડા સિવાય) ત્રણ ટનથી વધુ વહન ક્ષમતાવાળા ને છુટછાટ આપવાપાત્ર જણાય છે, જેથી ભારે માલવાહક વાહનો ટ્રક, ૪૦૭ જેવા વાહનો માટે નીચે દર્શાવેલ વિસ્તારને ઉકત જાહેરનામાથી મુકેલ પ્રતિબંધ લાગુ પડશે નહી.

૧. એસ.ટી.સ્ટેન્ડ તરફથી આવતા ભારે માલવાહક વાહનો આંબેડકર ચોકમાં થઈ સુરેન્દ્રનગર કોઝ-વે થઈને મહેતા માર્કેટ વિસ્તારમાં પ્રવેશ મેળવી શકશે.

૨. સુરેન્દ્રનગર મહેતા માર્કેટમાં પ્રવેશતા વાહનો મુખ્ય રસ્તા ઉપર પ્રવેશ મેળવી શકશે નહી તેમજ આંબેડકર ચોક વાળા રસ્તેથી પરત જઈ શકશે નહી, પરત જવા માટે જોરાવરનગર કોઝવે થઈને બારોબાર નિકળવાનું રહેશે.

૩. ખમીસાણા ગામ તરફથી આવતા વાહનો મલારચોક પાસેના ચોકમાં થઈ બહુચર હોટલ તરફ જઈ શકશે, તેજ રીતે ધ્રાંગધ્રા તરફથી ખમીસાણા ગામ તરફ જતા વાહનો મલારચોક પાસેના ચોકમાં થઈ ખમીસાણા ગામ તરફના રસ્તે જઈ શકશે.

૪. અત્રેના તા.૧૮/૦૫/૨૦૦૪ ના તેમજ તા.૨૪/૦૬/૨૦૦૪ ના જાહેરનામાથી ફરમાવવામાં આવેલ પ્રતિબંધ ચાલુ રહેશે.

૫. આંબેડકરચોક થી જોરાવરનગર [illegible] ને ' નો પાર્કીંગ ઝોન ' જાહેર કરવામાં આવે છે.

( એસ.એલ.અમરાણી )
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

**નકલ જય ભારત સાથે જાણ તથા જાહેર પ્રસિધ્ધિ માટે :-**

૧. પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર જીલ્લો.
૨. જિલ્લા ન્યાયાધિશશ્રી, જિલ્લા અદાલત, સુરેન્દ્રનગર.
૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર.
૪. અધિક જિલ્લા ન્યાયધિશશ્રી, સેસન્સ કોર્ટ, ધ્રાંગધ્રા.
૫. ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટશ્રી, સુરેન્દ્રનગર.
૬. જ્યુ. મેજીસ્ટ્રેટશ્રી, ફર્સ્ટ, સેકન્ડ, કોર્ટ, સુરેન્દ્રનગર.
૭. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી વઢવાણ, લીંબડી, ધ્રાંગધ્રા.
૮. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર / લીંબડી / ધ્રાંગધ્રા / એસ.સી.એસ.ટી.સેલ, સુરેન્દ્રનગર / કાર્યમથક, સુરેન્દ્રનગર
૯. તાલુકા વિકાસ અધિકારીશ્રી, વઢવાણ / લીંબડી / ચુડા / લખતર / પાટડી / ધ્રાંગધ્રા / હળવદ / મુળી / સાયલા / ચોટીલા
૧૦. તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી, વઢવાણ / લીંબડી / ચુડા / લખતર / પાટડી / ધ્રાંગધ્રા / હળવદ / મુળી / સાયલા / ચોટીલા
૧૧. જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટશ્રી, (તમામ)
૧૨. નાયબ માહિતી નિયામકશ્રી, સુરેન્દ્રનગર
... સદરહું જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી સારૂ વિના મુલ્યે પ્રેસ નોટ બહાર પાડવા તેમજ તે અંગે અત્રેને આધારસહ જાણ કરવા સારૂ.
૧૩. પોલીસ ઈન્સ્પેકટરશ્રી સુરેન્દ્રનગરસીટી / ધ્રાંગધ્રાસીટી
... જાહેરનામાની સુચના ધ્યાને લઈ જરૂરી પ્રસિધ્ધિ આપી તે બદલનુ રોજકામ મોકલાવી આપવા સારૂ.
૧૪. સર્કલ પોલીસ ઈન્સ્પેકટરશ્રી, સુરેન્દ્રનગર, લીંબડી, ચોટીલા, ધ્રાંગધ્રા... જાહેરનામાની સુચના ધ્યાને લઈ જરૂરી પ્રસિધ્ધિ આપી તે બદલનુ રોજકામ મોકલાવી આપવા સારૂ.
૧૫. પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, જોરાવરનગર / વઢવાણ / લીંબડી / ચુડા / પાણશીણા / લખતર / પાટડી / બજાણા / ઝીંઝુવાડા / ધ્રાંગધ્રા / હળવદ / મુળી / સાયલા / ચોટીલા / થાનગઢ
... જાહેરનામાની સુચના ધ્યાને લઈ જરૂરી પ્રસિધ્ધિ આપી તે બદલનુ રોજકામ મોકલાવી આપવા સારૂ.
૧૬. પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, ટ્રાફીક શાખા, સુરેન્દ્રનગર.
૧૭. પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, વેસ્ટર્ન રેલ્વે, સુરેન્દ્રનગર.
... જાહેરનામાની સુચના ધ્યાને લઈ જરૂરી પ્રસિધ્ધિ આપી તે બદલનુ રોજકામ મોકલાવી આપવા સારૂ.
૧૮. ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, સુરેન્દ્રનગર દુધરેજ / વઢવાણ / લીંબડી / ધ્રાંગધ્રા / થાનગઢ.
... જાહેરનામાની સુચના ધ્યાને લઈ જરૂરી પ્રસિધ્ધિ આપી તે બદલનુ રોજકામ મોકલાવી આપવા સારૂ.
૧૯. વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપખાના અને લેખન સામગ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
... પ્રસિધ્ધી આપવા તેમજ ગેઝેટ ની ૧૦ નકલો અત્રેને મોકલી આપવા સારૂ.

OIGS

ક્રમાંક:મજસ/ટ્રાફી/ ૮ /૨૦૦૮

જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી,
સુરેન્દ્રનગર જિલ્લો.
તા.૨૫ / ૦૮ / ૨૦૦૮

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ – ૩૩ મુજબ વાહનો માટેના રૂટમાં કાયમી ધોરણે ફેરફાર કરવા બાબતનું જાહેરનામું બહાર પાડવા બાબત.

–:: જાહેરનામું ::–

સુરેન્દ્રનગર જિલ્લાની વસતી દિન–પ્રતિદિન વધતી જાય છે જેથી સુરેન્દ્રનગર શહેરમાં વધતી જતી વસ્તી તેમજ આજુ બાજુના ગામોમાંથી આવતી વસ્તીના કારણે સુરેન્દ્રનગર શહેરના બજારમાં ખુબ જ ભીડ થવા પામે છે.શહેરના બજારો મુખ્ય રસ્તા પર આવેલા હોઈ અને તે રસ્તા ઉપર હળવદ, ધ્રાંગધ્રા તથા પાટડી તરફથી આવતા એસ.ટી.બસ તેમજ સીટી બસ સિવાયના મોટા વાહનો જેવા કે, ટ્રક, મીનીબસ, ખાનગી લકઝરી બસ, પેસેન્જર જીપો, મોટા પેસેન્જર કેરેજ વાહનો તથા મોટા ગુડઝ કેરેજ વાહનો અવર જવર કરતા હોઈ ટ્રાફીકની સમસ્યા સર્જાય છે પરીણામે અકસ્માત થવાના સંભવ રહે છે.

સબબ ઉપરોકત હકીકતે જાહેર જનતાના જાન માલની સલામતી તથા અકસ્માત નિવારવા, સલામતી જાળવવા, વાહનવ્યવહારનું નિયમન કરવા બંદોબસ્ત કરવાનું મને જરૂરી જણાતાં હું જે.ડી.બાદ, I.A.S. જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો મુંબઈ પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩ થી મને મળેલ સત્તાની રૂએ નીચેના રસ્તાઓ સવારના ૮–૦૦ થી રાત્રિના ૮–૦૦ના સમયગાળા માટે ઉપરોકત વાહનોના આવવા તથા જવા માટેના રૂટમાં કાયમી ધોરણે ફેરફાર કરવા ફરમાવું છું.

(૧) હળવદ, ધ્રાંગધ્રા તથા પાટડી તરફથી આવતા એસ.ટી.બસ તથા સીટી બસ સિવાયના મોટા વાહનો જેવા કે, ટ્રક, મીનીબસ, ખાનગી લકઝરી બસ, પેસેન્જર જીપો, મોટા પેસેન્જર કેરેજ વાહનો તથા મોટા ગુડઝ કેરેજ વાહનોના ચાલકોએ તેમના વાહનો બહુચર હોટલ, કુંથુનાથ ચોક, નવી ફાટક, ગોકુલ હોટલ, ૮૦ ફુટ રોડ, ૮૦ ફુટ રોડ સર્કલ, રેઈનબો સ્કુલ, સુરસાગર ડેરી સુધી આવવાનું રહેશે.

(૨) હળવદ, ધ્રાંગધ્રા તથા પાટડી તરફ જતા એસ.ટી.બસ તથા સીટી બસ સિવાયના મોટા વાહનો જેવા કે, ટ્રક, મીનીબસ, ખાનગી લકઝરી બસ, પેસેન્જર જીપો, મોટા પેસેન્જર કેરેજ વાહનો તથા મોટા ગુડઝ કેરેજ વાહનોના ચાલકોએ તેમના વાહનો સુરસાગર ડેરી, રેઈનબો સ્કુલ, ૮૦ ફુટ રોડ સર્કલ, ૮૦ ફુટ રોડ, ગોકુલ હોટલ, નવી ફાટક, કુંથુનાથ ચોક, બહુચર હોટલ થઈ જવાનું રહેશે.

(૩) હળવદ, ધ્રાંગધ્રા તથા પાટડી તરફ જતી એસ.ટી.બસના ચાલકોએ તેમના વાહનો બસ સ્ટેશન, આંબેડકર ચોક, સ્મશાન રોડ, હેન્ડલુમ, કે.સી.ત્રાઈ ફેકટરી, નવી ફાટક, કુંથુનાથ ચોક, બહુચર હોટલ થઈ હળવદ, ધ્રાંગધ્રા તથા પાટડી તરફ જવાનું રહેશે.

(૪) હળવદ, ધ્રાંગધ્રા તથા પાટડી તરફથી આવતી એસ.ટી.બસના ચાલકોએ તેમના વાહનો બહુચર હોટલ, કુંથુનાથ ચોક, નવી ફાટક, કે.સી.ત્રાઈ.ફેકટરી, હેન્ડલુમ, સ્મશાન રોડ, આંબેડકર ચોક થઈ બસ સ્ટેશન જવાનું રહેશે.

(૧૫) અમદાવાદ તથા રાજકોટ તરફથી આવતા તથા જતા પેસેન્જર વાહનો જેવા કે, જીપ, મીનીબસ, લકઝરી બસ જેવા વાહનોનો રૂટ યથાવત રહેશે પરંતુ સુરેન્દ્રનગર એસ.ટી.સ્ટેન્ડની ૨૦૦ મીટરની ત્રિજયામાં તેમના ખાનગી વાહનો પાર્ક કરી શકશે નહી તેમજ પેસેન્જર લેવા કે ઉતારવા માટે તેમના વાહનો ઉભા રાખી શકશે નહી.

આજ તારીખ ૨૫, ઓગસ્ટ, સને.૨૦૦૮ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

(જે.ડી.ભાડ),
જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

<u>નકલ સવિનય રવાના :-</u>

૧: જિલ્લા ન્યાયાધીશશ્રી, સુરેન્દ્રનગર.
૨: અધિક જિલ્લા ન્યાયાધિશશ્રી, સેશન્સ કોર્ટ, લીંબડી/ધ્રાંગધ્રા
૩: જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર.
૪: જિલ્લા વિકાસ અધિકારીશ્રી,સુરેન્દ્રનગર.
૫: સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, લીંબડી/વઢવાણ/ધ્રાંગધ્રા
૭: વિભાગીય પોલીસ અધિકારીશ્રી, લીંબડી/સુરેન્દ્રનગર/ધ્રાંગધ્રા
૮: જયુડી મેજી.શ્રી, ક.ક.,
લીંબડી/સાયલા/ચોટીલા/મુળી/ચુડા/લખતર/પાટડી/ધ્રાંગધ્રા/હળવદ/વઢવાણ
૯: એકઝીકયુટી મેજીસ્ટ્રેટશ્રી,
લીંબડી/સાયલા/ચોટીલા/મુળી/ચુડા/લખતર/પાટડી/ધ્રાંગધ્રા/હળવદ/વઢવાણ
૧૦: તાલુકા વિકાસ અધિકારીશ્રી,
લીંબડી/સાયલા/ચોટીલા/મુળી/ચુડા/લખતર/પાટડી/ધ્રાંગધ્રા/હળવદ/વઢવાણ
U.I.G ૧૧: સરકારી વકીલશ્રી, લીંબડી/ધ્રાંગધ્રા/હળવદ/વઢવાણ/ચોટીલા/પાટડી
૧૨: નાયબ માહિતી નિયામકશ્રી, સુરેન્દ્રનગર.... વિના મુલ્યે પ્રેસનોટ આપવા સારૂ.
૧૩: પોલીસ ઈન્સ્પેકટરશ્રી, સુરેન્દ્રનગર/ ધ્રાંગધ્રા
૧૪: સર્કલ પોલીસ ઈન્સ્પેકટરશ્રી, સુરેન્દ્રનગર/લીંબડી/ચોટીલા.
૧૫: પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, ટ્રાફીક,
સુરેન્દ્રનગર/લીંબડી/ચુડા/મુળી/ચોટીલા/સાયલા/ પાણશીણા/લખતર/પાટડી/
પાલસોસાણા/ઝીંઝુવાડા/દસાડા/બજાણા/ધ્રાંગધ્રા તાલુકા/વઢવાણ/
૧૬: ચીફ ઓફીસરશ્રી, લીંબડી/વઢવાણ/ચોટીલા/થાનગઢ/પાટડી/હળવદ/ધ્રાંગધ્રા
૧૭: ડેપો મેનેજરશ્રી એસ.ટી.
સુરેન્દ્રનગર/ધ્રાંગધ્રા/પાટડી/હળવદ/વિરમગામ/ચોટીલા/રાજકોટ/અમદાવાદ
સ્ટાર્મી ક્લાર્ક, ... કચેરી વિભાગીય નિયામકશ્રી,અમદાવાદ/ રાજકોટ/મહેસાણા
સુરેન્દ્રનગર ૧૯: વ્યવસ્થાપકશ્રી,સરકારી છાપકામ અને લેખન સામગ્રી,સરકારી પ્રેસ,રાજકોટ
.....ગેઝેટમાં પ્રસિધ્ધિ આપવા તેમજ ગેઝેટની ૧૦ નકલ અત્રેને મોકલી આપવા સારૂ.
૨૦: નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. ,રાજય,લીંબડી.
૨૧: સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, સુરેન્દ્રનગર.
૨૨: વિભાગીય નિયામકશ્રી, એસ.ટી., રાજકોટ/અમદાવાદ.
૨૩: સિલેકટ ફાઈલ.

ક્રમાંક:- મજસ/૩/૫/ટ્રાફીક-સમસ્યા/ ૬૫૨૫/૨૦૦૪. (૮)

જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી,
સુરેન્દ્રનગર,
તા.૧૮/૦૫/૨૦૦૪.

## જા હે ર ના મું

સુરેન્દ્રનગર શહેરની ટ્રાફીક સમસ્યા દિન પ્રતિદિન વધતી જાય છે, શહેરના મુખ્ય માર્ગો ઉપર છકડા રિક્ષા, યુટીલીટી, મેટાડોર જેવા ઉતારૂ તેમજ માલ વાહક વાહનોની અવર જવર વધુ પ્રમાણમાં રહે છે, જેના કારણે અવાર નવાર ટ્રાફીક જામ થઈ જાય છે, જેથી શહેરના મુખ્ય રસ્તા ઉપર ટ્રાફીક સરળતાથી પસાર થઈ શકે તે માટે છકડા રિક્ષા, યુટીલીટી, મેટાડોર જેવા વાહનોને શહેરમાં પ્રવેશ કરતા અટકાવવાનું જરૂરી જણાય છે.

સબબ આ અંગે તાત્કાલીક કાર્યવાહી કરવી જરૂરી હોઈને હું એસ.એલ.અમરાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(ગ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ સુરેન્દ્રનગર શહેરના આ નીચે દર્શાવેલ રસ્તાઓમાં સવારના ૦૮-૩૦ કલાકથી બપોરના ૦૧-૦૦ કલાક સુધી તથા બપોરના ૧૬-૦૦ થી ૨૦-૦૦ કલાકના સમય દરમ્યાન છકડો રિક્ષા, યુટીલીટી, મેટાડોર, ઉતારૂ તેમજ માલવાહક જેવા વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ પ્રતિબંધ ઓટોરીક્ષાને લાગુ પડશે નહી, આ તબક્કે હું તે બાબત પણ નોંધ કરૂ છું કે, આ પ્રતિબંધ તેટલા સમય માટે જ મુકવા માટે આવી રહયો છે, જ્યારે શહેરમાં ટ્રાફીકનું પ્રમાણ વધારે હોય છે, બપોરના અમુક કલાક અને પ્રતિબંધ સિવાયના દિવસનો સમયગાળો બાકાત રાખેલ છે, જેથી પ્રતિબંધ ફરમાવેલ વાહનો સાથે સંકળાયેલા લોકોને ધંધા રોજગાર ઉપર અવળી અસર થાય નહી.

વિ સ્તા ર ::-

૧. એસ.ટી.બસસ્ટેન્ડ થી કલેકટર કચેરી સુધી, - અનુક્રમાંક-૨
૨. જિલ્લા પંચાયત કચેરી થી કાન્તી કોટનમીલના બંગલા સુધી,
૩. રતનપર નવા બનેલા સરદાર પુલ થી મલારચોક સુધી, અનુક્રમાંક-૩
૪. મલારચોક થઈ પાણીની ટાંકી પાસે થઈ નવા રેલ્વે ક્રોસીંગ સુધી, અનુક્રમાંક:૪
૫. સુરેન્દ્રનગર રોડ-વે વઢવાણના કાંઠા થી આંબેડકર ચોક સુધી, તેમજ સોનાપુર રોડ ઉપર થઈને હેન્ડલુમ હાઉસ થઈને નવા રેલ્વે ક્રોસીંગ સુધી.

આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ રોજ તા.૧૮ માહે મે, સને-૨૦૦૪ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

(એસ.એલ.અમરાણી)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

Received
18/5/04